# કનીજ લાટ ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને આત્મા પ્રોજેક્ટ મહેમદાવાદ દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને આત્મા પ્રોજેકટના સંયુક્ત ઉપક્રમે મહેમદાવાદ તાલુકાના કનીજ લાટ ગામે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક કૃષિની અગત્યતા ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીની,ગૌ પાલનના ફાયદા અને મુલ્યવર્ધન અંગે માહિતી આપેલ હતી.

શ્રી બીપીનભાઈ, બ્લોક ટેકનોલોજી મેનેજર (આત્મા)એ ખેડૂતોને પ્રાકૃતિક જીવામૃત અંગેની પ્રાયોગીક ટ્રેનીંગ આપેલ હતી., પ્રાકૃતિક ખેતીના પ્રગતિશીલ ખેડૂત રમેશભાઇએ પ્રાકૃતિક ખેતીમાં તેમને થયેલ ફાયદા વિષે માહિતી આપેલ હતી અને પ્રાકૃતિક ખેતી વિષેના પોતાના અનુભવો જણાવ્યા હતા. કૃતિકા બેન, ગ્રામ સેવકે હાજર ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરેલ હતા. મહેમદાવાદ તાલુકાના વિસ્તરણ અધિકારી, ૧ ગ્રામ સેવક અને કનીજ લાટ ગામના પ્રગતિશીલ ૨૫ ખેડૂતો અને ૨૨ મહિલા ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ દીધેલ હતો.




